જ્ઞાન • પ્રેરણા • સમર્પણ

# કૃત સંકલ્પ

Vol.16-17* Issue : 492, 05th October - 2023* કુલ પાના ૨૦* અંક કિંમત રૂ. - ૫.૦૦



## રાહુલજી યુરોપના દેશોમાં છવાઈ ગયા...

**ભાજપની તાયફાની સરકાર...**

**નિર્બળોનાં રક્ષણનું કર્તવ્ય જેનો ધર્મ છે એજ સાચો હિંદુ : રાહુલ ગાંધી**

**દ.ગુજરાતના ભરૂચ-નર્મદા અને વડોદરા જિલ્લામાં માનવસર્જિત પૂર આપદા**

**કચ્છની ખાડીમાંથી ૮૦૦ કરોડનું કોકેઇન ઝડપાયું, ડ્રગ્સનો વેપાર કરનારા કેમ પકડાતા નથી ?**




ગુજરાત કોંગ્રેસના વરિષ્ઠ આગેવાનોની બેઠક




શહેર જીલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રીઓ સાથે સંવાદ બેઠક

**સંપાદક અને પ્રકાશક**
વિજય દવે

**સહ સંપાદક**
ડો. મનિષ દોશી

RNI No. : 70957/1998
L-5/131/GAMC/1720/2021-23
**વર્ષ : ૧૬-૧૭**
**સળંગ અંક : ૪૯૨**
**5, October - 2023**

**રજિ. કાર્યાલય**
**કૃત સંકલ્પ ટ્રસ્ટ,**
મંગલપ્રભાત બિલ્ડિંગ,
સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કુલ પાસે, મિરઝાપુર,
**અમદાવાદ**
E-mail : krutsankalp2015@gmail.com
**લવાજમ : વાર્ષિક રૂ.૨૫૦, દ્વિવાર્ષિક : રૂ.૪૫૦**

**ટાઈપ સેટિંગ-લેઆઉટ :**
વિજય સોલંકી, મનોજ પાટીલ

**મુદ્રક :** પાયલ પ્રિન્ટર્સ, ઈન્કમટેક્સ,
આશ્રમરોડ, અમદાવાદ.

# પ્રમુખશ્રીનો સંદેશ



**પૂજ્ય** મહાત્મા ગાંધી અને સરદાર સાહેબના ગુજરાતની ધરતી પર વડાપ્રધાન પાસે સત્યની આશા-અપેક્ષા હતી. વડાપ્રધાને ગુજરાતની વાત કરવાના બદલે માત્ર રાજકીય અવલોકન કર્યા. રાજ્ય સરકાર વાઇબ્રન્ટ સમિટમાં થયેલા કાગળ પરના એમઓયુને બદલે સાચા મૂડીરોકાણ અંગે શ્વેતપત્ર બહાર પાડે. રાજ્યમાં લાખો લોકોને રોજગાર મળવાના દાવા કર્યા હતા, પરંતુ કેટલા લોકોને રોજગાર મળ્યા તે ભાજપ સરકાર જાહેર કરે. બધું પોતે કર્યાનો દાવો કરતા ભાજપે ઇતિહાસ ભૂલવો ન જોઈએ. જ્યારે ગુજરાતમાં કોંગ્રેસની સરકાર હતી ત્યારે ગુજરાત કોઈ પણ વાઇબ્રન્ટ સમિટ વિના મૂડીરોકાણ માટે નંબર-૧ હતું. એશિયાની સૌથી મોટી બે રિફાઈનરી ગુજરાતમાં કોંગ્રેસ સરકારના શાસનમાં સ્થપાઈ. પંચમહાલમાં જનરલ મોટર્સ ઓટોમોબાઇલ કંપની કોંગ્રેસના શાસનમાં સ્થપાઇ હતી. આજે દિલ્હીમાં તમારી સરકાર છે રોડાં નાખનાર કોઈ નથી ત્યારે ગુજરાત રોકાણમાં ક્યાં નંબરે છે ? ગુજરાતમાં કોઈ રોકાણ કરવા આવે તો તેને કેન્દ્ર સરકાર ધમકાવતી તે આક્ષેપ સંપૂર્ણ પાયાવિહોણો-ખોટો આક્ષેપ વડાપ્રધાને કર્યો છે. જો તેમની પાસે આધાર-પુરાવા, કોઈ માહિતી હોય તો તે જણાવે અથવા કોંગ્રેસના નેતા સામે કેસ કરે.

ભાજપ શાસનમાં વારંવાર પેપરલિક થાય અને વડાપ્રધાન અન્ય રાજ્યમાં પેપરલીકની વાતો કરે છે. મધ્યપ્રદેશમાં દેશનું સૌથી મોટું ભરતી કૌભાંડ 'વ્યાપમ' કૌભાંડ થયું છે અને આખા દેશમાં સૌથી વધુ ૨૪ વાર ગુજરાતમાં પેપર લીક થયા. ચંપાવતે તો ભાજપના નેતાના મંત્રીનું પણ નામ આપ્યું હતું ત્યારે અત્યાર સુધી કેમ કોઈ ચમરબંધી પકડાયું નથી ? ગુજરાતમાં 'વ્યાપક' ભરતી કૌભાંડ થાય છે ત્યારે બીજા પર પથ્થર ફેંકતા પહેલાં એમણે પોતાની સ્થિતિ જોવી જોઈએ. ગુજરાતમાં પેપરલીકમાં ભાજપના નેતાઓ જ હોય છે એ સાબિત થયું, પેપરલીક અંગે વડાપ્રધાને ગુજરાત અને મધ્યપ્રદેશમાં પેપર માફિયાઓ સામે કડક કાર્યવાહી થાય તેમ કહેવું જોઈએ.

વડાપ્રધાન પાસે તેમની જન્મ દિવસના ઉજવણીના ભાગરૂપે છોડવામાં આવેલા ૧૮ લાખ ક્યુસેક પાણીને કારણે નર્મદા, ભરૂચ, વડોદરા સહિતના કાંઠા વિસ્તારમાં માનવસર્જિત આપદા અંગે, ખેડૂતો-નાગરિકોને થયેલી પારાવાર મુશ્કેલીઓ અંગે વાત કરશે તેવી અપેક્ષા હતી, પરંતુ વડાપ્રધાને માત્રને માત્ર રાજકીય અવલોકનો કર્યા પણ તે પૂર અંગે એક શબ્દ ન બોલ્યા. ભાજપ સરકારે જાહેર કરેલા મશ્કરીરૂપ સહાય પેકેજ અંગે એક હરફ પણ ન ઉચ્ચાર્યો. વડાપ્રધાન પાસે આશા હતી કે પૂરની હોનારતની તપાસ માટે સુપ્રીમ કે હાઇકોર્ટના ન્યાયાધીશની અધ્યક્ષતામાં તપાસ પંચની રચના કરાય, પરંતુ વડાપ્રધાને આવી કોઈ જ જાહેરાત ન કરી. ગુજરાતના પ્રવાસમાં આટલો સમય આપ્યો છે તો નર્મદા અને ભરૂચના પૂરગ્રસ્ત ખેડૂતો, નાગરિકોને મળે, વડાપ્રધાનના જન્મ દિવસ માટે ડેમ ભરી એક સાથે લાખો ક્યુસેક પાણી છોડનાર સરકારને ફટકાર લગાવે, જેને જેટલું નુકસાન થયું છે તેટલી સહાયની જાહેરાત કરે તેવી અપેક્ષા હતી, પરંતુ આ પ્રકારનું વડાપ્રધાને કશું જ કર્યું નહીં, માત્ર ઠાલા વચનો અને સત્યથી વેગળી વાતો કરી રાજકીય અવલોકન કર્યા જે દુર્ભાગ્યપૂર્ણ છે.

તા.૧૫, ઓક્ટોબર-૨૦૨૩થી આરંભાતા શક્તિ, ભક્તિ અને આસ્થાના પર્વ નવરાત્રીની ગુજરાતના નાગરિકોને શુભકામનાઓ.

જય જય ગરવી ગુજરાત...

**શક્તિસિંહ ગોહીલ**
પ્રમુખ, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ



લખવું એ ધોમધખતા તાપમાં ડામરની સડક બનાવવા માટે જે મજૂરી કરવી પડે તેના કરતાય વધારે મહેનત માંગી લેતું કામ છે. - **નવલકથાકાર જોનગ્રિશમ**


क्या कहा
रेवड़ी बांट रहा हूँ..
गैस सिलेंडर
दो सौ रुपए सस्ता


अमृत तो बंट चुका ! अब कोई जहर पीने वाला भी तो चाहिए !
अमृत काल ?
महंगाई बेरोजगारी गरीबी
जनता का धन
सरकारी संपत्तियां


क्या बात है ? बहुत परेशान लग रहे हो !
मोदी जी मेरे पास नौकरी नहीं है !
# बेरोजगारी
कोई बात नहीं ! दिन - रात जय श्री राम , वंदे मातरम् और भारत माता की जय का नारा लगाया करो , इससे बेरोजगारी का एहसास नहीं होगा !
???


जिसके पीएम साहेब, उसका भी बड़ा नाम है... पकौड़े तल लो, डिग्री का क्या काम है !!!
डिग्रीलाल पकौड़ेवाला


चालान..
हट ! इस निशान से तो सीबीआई और ईडी तक पास नहीं आती, तू क्या चीज है ?


चेले अब बर्दाश्त नहीं होता। चौथी क्लास में अड्मिशन दिलाओ , चौथी क्लास पास करनी है।
अनपढ़

# ભાજપની તાયફાની સરકાર...

**જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓના ભાવ દિવસે ને દિવસે વધી રહ્યા છે, પરિણામે કારમી મોંઘવારીમાં આમ જનતા પિસાઈ રહી છે. આજે જીવનનિર્વાહ કરવું દોહ્યલું બન્યું છે, આ પરિસ્થિતિ વચ્ચે સમૃદ્ધ અને વાઈબ્રન્ટ ગુજરાત વિકાસની હરણફાળ ભરી રહ્યું છે તેવા દાવા કરવામાં આવી રહ્યા છે**

**સ્કૂલ ઓફ એક્સલન્સ :** ગુજરાતમાં ૯૨૬ સરકારી પ્રાઈમરી સ્કૂલો એવી છે કે જેમાં માત્ર એક જ શિક્ષક છે. ઉપરાંત ગુજરાતની ગ્રાન્ટેડ અને સરકારી શાળાઓમાં ૭૯૦૬ વર્ગખંડ જર્જરિત અવસ્થામાં છે, સરકારી પ્રાથમિક શાળાઓમાં ૬૫૩૯ વર્ગખંડ, ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચત્તર શાળાઓમાં ૫૭૪ વર્ગખંડ તથા ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓમાં ૪૧૩ વર્ગખંડો જર્જરિત અવસ્થામાં છે. છેલ્લા કેટલાક સમયથી શિક્ષકોની ભરતી થઈ નથી. બીજી અનેક એવી શાળાઓ છે કે જ્યાં જરૂર કરતાં શિક્ષકોની સંખ્યા ખૂબ જ ઓછી છે, જેને કારણે વિદ્યાર્થીઓના ભણતર પર વીપરિત અસર પડી રહી છે.




રાજ્યની ૧૦૮માંથી ૮૮ યુનિવર્સિટીઓ પાસે નેક એક્રેડિટેશન નથી. જ્યારે ૨૪૬૮ કોલેજમાંથી ૨૩૭૧ કોલેજમાં નેક એક્રેડિટેશન નથી. ગુજરાતમાં શિક્ષણની ઘોર ખોદાઈ રહી છે, તેનું કારણ એ છે કે શાળાઓમાં કેવી રીતે અભ્યાસ કરાવાય છે તે અંગે કોઈ મોનિટરિંગ કરાતું નથી. રાજ્યમાં આજે ૫૦૦થી વધુ શાળા એવી છે કે જ્યાં ૧૮૮૫ શિક્ષકો લાયકાત વિનાના છે. આ લાયકાત સિવાયના શિક્ષકો વિદ્યાર્થીઓને કેવી રીતે અને શું ભણાવતા હશે ? ગુલબાંગો એવી પોકારવામાં આવે છે કે ગુજરાત શિક્ષણ ક્ષેત્રે અગ્રેસર છે, એટલું જ નહીં અન્ય રાજ્ય અને દેશોના વિદ્યાર્થીઓ ગુજરાતની કોલેજો, યુનિવર્સિટીમાં ભણવા આવે છે. આખાય રાજ્યમાં અમદાવાદ શહેરમાં સૌથી વધુ ૮૦૫ લાયકાત સિવાયના શિક્ષકો અભ્યાસ કરાવી રહ્યા છે.

રાજ્યમાં કુલ ૩૦૫૧૦ પ્રાથમિક સ્કૂલોમાં મંજૂર થયેલા ૧૭,૬૨,૨૩૫ શિક્ષકો સામે ૧૫૫૮૦૧ શિક્ષકો ફરજ પર છે અને ૨૦૪૩૬ શિક્ષકોની જગ્યા ખાલી છે. સરકારના અણઘડ નિયમો તેમજ વારંવાર બદલાતું આયોજન અને નિયમો, અણઘડ યોજનાઓને લીધે પ્રાથમિક શિક્ષકોની આટલી બધી જગ્યાઓ ખાલી પડી છે. સરકાર દ્વારા સમયસર ભરતી કરાતી ન હોવાથી તેની સીધી અસર બાળકોના અભ્યાસ પર પડે છે. જ્ઞાન સહાયક યોજનામાં હજુ સુધી શિક્ષકોની ભરતી થઈ શકી નથી.

તાજેતરમાં શિક્ષણ વિભાગના મિશન સ્કૂલ ઓફ એક્સલન્સ અંતર્ગત કુલ રૂ.૪૫૦૫ કરોડના ખર્ચે ૯૦૮૮ નવીન વર્ગખંડો, ૫૦૩૦૦ સ્માર્ટ રૂમ્સ, ૧૯૬૦૦ કમ્પ્યૂટર લેબ્સ, ૧૨૬૨૨ વર્ગખંડોનું અપડેશન અને અન્ય કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત થયું. 'કહેતા ભી દિવાના ઔર સુનતા ભી દિવાના' જેવો ઘાટ થયો હોય તેવું લાગે છે. જ્યારે ગુજરાતમાં શિક્ષણ ક્ષેત્રે પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચત્તર માધ્યમિક, યુનિવર્સિટીઓમાં શિક્ષણનું સ્તર અને હાલત જોતાં આ ફક્ત જુમલો જ દેખાય છે.

**ઉત્સવપ્રિય સરકાર :** ગુજરાતમાં છેલ્લા ત્રણ

વર્ષમાં સરકારે ઉત્સવો અને મેળા જેવા કાર્યક્રમોમાં તેમજ વડા પ્રધાન અને મુખ્યપ્રધાનના જાહેર કાર્યક્રમોમાં એસ.ટી. નિગમની બસો ભાડે લઇને ૨૬૯ કરોડનો ખર્ચ કર્યો છે, પરંતુ આ ખર્ચ પૈકી હજુ સુધી બાકી નીકળતી ૬૩ કરોડની રકમ ચૂકવી નથી. સરકાર જ્યારે તેના કાર્યક્રમો માટે લોકોને લાવવા-લઈ જવા માટે એસ.ટી. નિગમની બસો ભાડે લેતી હોય છે ત્યારે વિવિધ રૂટમાં ફરતી એસ.ટી. બસ લોકો માટે દોડતી નથી, લોકો કલાકો સુધી હેરાન થઈને બસની રાહ જોઈને ઊભા હોય છે. છેલ્લા એક વર્ષમાં એસ.ટી. નિગમ પાસેથી ઉત્સવો અને મેળાના કાર્યક્રમો માટે વિક્રમી એવી ૩૮૮૬૮ જેટલી બસો ભાડે લેવામાં આવી હતી. જ્યારે રાજ્ય સરકારે અંતે મ્યુનિ. કોર્પો.એ ખર્ચા કરી કેટલી રકમ ખર્ચી તેનો કોઈ હિસાબ નથી. મંડપ, હાર-તોરા, માઈક, જમવાનું તથા નાસ્તાના ખર્ચ કોણે ખર્ચ્યા હશે ?

**વાઈબ્રન્ટ અને સમૃદ્ધ ગુજરાત :** જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓના ભાવ દિવસે ને દિવસે વધી રહ્યા છે. પરિણામે કારમી મોંઘવારીમાં આમ જનતા પિસાઈ રહી છે. આજે જીવનનિર્વાહ કરવું દોહ્યલું બન્યું છે. આ પરિસ્થિતિ વચ્ચે સમૃદ્ધ અને વાઈબ્રન્ટ ગુજરાત વિકાસની હરણફાળ ભરી રહ્યું છે તેવા દાવા કરવામાં આવી રહ્યા છે. ન્યૂઝ પેપરોમાં પાનાઓ ભરી ભરીને વડા પ્રધાન અને મુખ્યપ્રધાનના ફોટા સાથેની સરકારી જાહેરાતો આપવામાં આવી રહી છે, પણ કડવી વાસ્તવિકતા એ છે કે ગુજરાતની અડધો અડધ જનતા આજે વ્યાજબી ભાવની દુકાનોથી મફત-રાહતદરે અનાજ મેળવવા માટે મજબૂર છે. નવાઈની વાત એ છે કે સાડા ત્રણ કરોડ લોકોને મફત અનાજ વહેંચી રાજ્ય સરકાર શરમાવાના બદલે તેને સિદ્ધિ ગણાવે છે. હકીકતમાં મોંઘવારી એટલી બધી વકરી છે કે, ગુજરાતની જનતાની આર્થિક સ્થિતિ કેટલી ડામાડોળ થઈ ગઈ છે તે આના પરથી સાબિત થાય છે. રાજ્યમાં નેશનલ ફૂડ સિક્યોરિટી એક્ટ હેઠળ ૭૧.૬૦ લાખ કુટુંબો એટલે કે, ૩,૪૯,૬૨,૪૪૪ લોકો મફત અનાજ મેળવે છે અને અન્ય ચીજો રાહતદરે મેળવે છે.

રાજ્ય સરકાર ભલે સમૃદ્ધ ગુજરાત, વાઈબ્રન્ટ ગુજરાત, વિકસિત ગુજરાતના બણગાં ફૂંકતી હોય પણ આજની કારમી મોંઘવારીમાં પિસાતી રાજ્યની અડધોઅડધ જનતા આજે સસ્તા અનાજની દુકાનોની લાઈનોમાં ઊભા રહેવા મજબૂર બની ગઈ છે. મહત્ત્વની બાબત એ છે કે, ગુજરાતનો એકેય જિલ્લો એવો નથી કે, જ્યાં ત્રણ લાખથી ઓછા એનએફએસએ કાર્ડધારકો ન હોય. અમદાવાદમાં ૧૭.૭૭ લાખ અને રાજ્યમાં સૌથી વધુ બનાસકાંઠામાં ૨૧.૬૭ લાખ એનએફએસએ કાર્ડધારકો છે. આજે શાકભાજીથી માંડીને દાળ, તેલ અને અનાજના ભાવો આસમાને પહોંચ્યા છે. ભાવો પર કોઈ નિયંત્રણ નથી. આ પરિસ્થિતિમાં રાજ્યનો ગરીબ-મધ્યમ વર્ગ મોંઘવારીથી ત્રાહિમામ્ પોકારી ગયો છે.

**કિસાન સૂર્યોદય યોજના :** ખેડૂતોને ૧૨ કલાક વીજળી આપવાના વાયદા સાથે ગુજરાતમાં સૂર્યોદય યોજનાનો આરંભ કરાયો હતો, પણ હજુ સુધી લાખો ખેડૂતો આ યોજનાથી વંચિત રહ્યા છે. ગુજરાત વિધાનસભામાં ઊર્જા વિભાગે એ વાતનો એકરાર કર્યો છે કે, કિસાન સૂર્યોદય યોજના હેઠળ ખેડૂતોને ૮ કલાક વીજળી અપાય છે. આમ ૧૨ કલાક વીજળી આપવાના દાવાનો પરપોટો ફૂટી ગયો છે. કચ્છ સહિત નવેક જિલ્લાને તો આ યોજનાનો કોઈ પણ લાભ મળ્યો નથી. કિસાન સૂર્યોદય યોજનાનો જાણે સૂર્યાસ્ત થઈ ગયો હોય તેવું દેખાઈ રહ્યું છે. ગુજરાતમાં કિસાન સૂર્યોદય યોજના હેઠળ ૪૦૨૮ ગામોમાં માત્ર ૮ કલાક જ વીજળી પૂરી પડાઈ રહી છે. રાજ્યમાં હજુ ૧૬૯૩૧૨૪ વીજ કનેક્શન આપવાના બાકી છે.

ભાજપ સરકારે એવો દાવો કર્યો હતો કે, ૩૧ ડિસેમ્બર-૨૦૨૨ સુધી કિસાન સૂર્યોદય યોજના પૂરી કરી રાજ્યના બધાં ખેડૂતોને આવરી લેવાશે. પૂર્વ મુખ્યપ્રધાન રૂપાણીના શાસનમાં ગુજરાતમાં આ યોજનાનો આરંભ કરાયો હતો. ચૂંટણી વચન અપાયું હતું કે, ખેડૂતોને ૧૨ કલાક વીજળી આપવામાં આવશે અને આ યોજના હેઠળ દરેક ખેડૂતોને આવરી લેવાશે, હજુ સુધી વાયદો પૂરો થયો નથી.

**વનોના સંરક્ષણ-સંવર્ધન માટે નીતિ :** ગુજરાતમાં ૨૮ વર્ષથી શાસન કરતી ભાજપ સરકારે ૧૭ વર્ષથી રાજ્યના વનોના સંરક્ષણ-સંવર્ધન માટે કોઈ ચોક્કસ નીતિ જ ઘડી નથી. રાજ્યના વન્યજીવ અભયારણ્યોના રક્ષણ, સંવર્ધન અને વ્યવસ્થાપન અંગે ૨૦૨૩ના કેગ રિપોર્ટમાં

સ્પષ્ટપણે જણાવાયું છે કે, રાષ્ટ્રીય વન આયોગના ૨૦૦૬ના રિપોર્ટ મુજબ દરેક રાજ્યે પોતાના વનો તથા વન્યજીવનના સંશાધનોના ટકાઉ વ્યવસ્થાપન માટે નીતિ ઘડવાની હોય છે, પણ ગુજરાત સરકારે આવી કોઈ નીતિ ઘડવાની દરકાર લીધી નથી.

'કેગ' દ્વારા આ અંગે રાજ્યના વન વિભાગનો ખુલાસો મગાયો ત્યારે વિભાગે નવે.-૨૦૨૨માં જણાવ્યું હતું કે, રાજ્ય વનનીતિ ઘડતરનું કાર્ય પ્રક્રિયા હેઠળ છે અને ટૂંક સમયમાં એ નીતિ ઘડી રાજ્ય સરકારની મંજૂરી માટે રજૂ કરાશે. ૨૦૦૯માં પણ કેગ દ્વારા વનનીતિ બનાવવા અંગે કેગ દ્વારા ટીકા થઈ હતી, છતાંય આજદિન સુધી આ નીતિ ઘડવા સંબંધે રાજ્ય સરકાર અને તેનો વનવિભાગ સદંતર બેદરકાર રહ્યો છે. વનો માટે વ્યવસ્થાપન યોજના ઉપરાંત વન્યજીવન, કોરીડોર, જંગલની જમીનો ઉપર અતિક્રમણ, સંશોધન તેમજ વન્યજીવન અંદાજની બાબતમાં ચોક્કસ નીતિનો અમલ કર્યો નથી.

'કેગ' દ્વારા ઓડિટ રિપોર્ટમાં જણાવાયું છે કે ગુજરાત સરકારનું ૫ વર્ષનું કુલ બજેટ એટલે કે વર્ષ ૨૦૧૬-૧૭થી માંડીને વર્ષ ૨૦૨૧-૨૨ સુધીના સમયગાળાનું કુલ બજેટ રૂ.૮૬૪૫૦૫.૬૧ કરોડની માતબર રકમનું હતું. પણ એમાંથી રાજ્યના વનવિભાગ માટે આ પાંચ વર્ષ દરમિયાન કુલ માત્ર ૬૭૪૮.૧૩ કરોડની જોગવાઈ કરાઈ હતી. જે રકમ આ પાંચ વર્ષના બજેટની કુલ રકમના માત્ર ૦.૭૮ ટકા જ રકમ થાય છે. આટલી ઓછી રકમની જોગવાઈઓમાંથી પૂરેપૂરી રકમ વન વિભાગ ખર્ચી શક્યો નહોતો. આ સમય દરમ્યાન વન વિભાગે રૂ.૬૦૦૫.૨૩ કરોડ બજેટ વાપર્યું.

**ઉદ્યોગોને લહાણી :** પ્રજાવિકાસના કામો કરતાં સરકારે ઉદ્યોગોનેને વધુ પ્રાધાન્ય આપ્યું છે તે જગજાહેર છે. ખેડૂતોને વીજ માફી આપવામાં સરકારે ઠાગાઠૈયા કરે છે પણ ઉદ્યોગોને વીજ શુલ્ક માફી આપી સરકારી તિજોરીને કરોડો રૂપિયાનું નુકસાન ભોગવ્યું છે. જમીન, સબસિડી કે પછી અન્ય રાહત આપવાની હોય સરકાર ઉદ્યોગોને પ્રાથમિકતા આપી રહી છે. છેલ્લા ત્રણેક વર્ષમાં ઔદ્યોગિક ગહો, એકમોને વીજ શુલ્કમાં માફી આપીને રાજ્યની તિજોરીને વર્ષે દહાડે રૂ.૯૦૦ કરોડનું નુકસાન ભોગવવું પડે છે.

ગુજરાત સરકારે ખાનગી વીજળી કંપનીઓને ઘી-કેળાં કરાવી દીધા છે. લાંબા, ટૂંકા અંતરના અને મધ્યમ ગાળાના વીજ કરાર કરીને ખાનગી પાવર કંપનીઓને માલામાલ કરી દેવાઈ છે. માત્ર લાંબાગાળાના કરાર હેઠળ નોંધાયેલી ચાર મોટી કંપનીઓ પાસેથી સરકારના નિગમે છેલ્લા બે વર્ષમાં ફિક્સ્ડ ચાર્જથી રૂ.૪૩૦૦ કરોડની વીજળી ખરીદી છે.

**ભ્રષ્ટાચાર :** મુલાસણાની આશરે ૬૪ લાખ વાર જગ્યામાં કૌભાંડ આચરાયું છે. સૌથી મોટી વાત એ છે કે આ જમીનમાં કોઈ બોનાફાઇડ પર્ચેઝર જ નથી. જમીનની ખરીદી કરનારા તમામને કૌભાંડની ખબર હોવા છતાં મલાઈ ખાવા માલિક બની ગયા હતા. કૌભાંડ બહાર આવ્યા બાદ માત્ર લાંગાની જ ધરપકડ કરાઈ હતી, અન્ય કોઈ અધિકારી કે નેતાઓની ધરપકડ કરાઈ નથી.

**વાઇબ્રન્ટ સમિટ :** વાઈબ્રન્ટ સમિટ હવે માત્ર ફુગ્ગો હોવાની છાપ ઊભી થઈ છે. ૧, ઓગસ્ટ-૨૦૨૧થી ૩૧ જુલાઈ-૨૦૨૩ના સમયગાળા દરમ્યાન કુલ રૂ.૯૪૫૧૫૮.૬૮ કરોડના એમ.ઓ.યુ. થયા હતા. જેમાંથી આ સમયમાં કુલ ૨૧૫૫૬.૯૭ કરોડનું જ રોકાણ આવ્યું છે. આ જ રીતે ૧, ઓગસ્ટ-૨૦૨૨ થી ૩૧, જુલાઈ-૨૦૨૩ સુધીમાં ૪૭ પ્રોજેક્ટ માટે ૭૯૧૨૫ કરોડના સૂચિત રોકાણ સામે માત્ર ૧ પ્રોજેક્ટ અમલી બન્યો છે જેમાં માત્ર લાખનું મૂડીરોકાણ આવ્યું છે.

૨૦૦૩થી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ શરૂ થયા બાદ લગભગ દર બે વર્ષે તે કરોડોના ખર્ચે મળે છે. તેમાં મૂડીરોકાણ માટે ઉદ્યોગ સાહસિકો અને કંપનીઓ રાજ્ય સરકાર સાથે એમ.ઓ.યુ. કરે છે તથા રોકાણના બહુ મોટા આંકડા જાહેર કરે છે. ભારત સરકારના વેપાર વિભાગના વાર્ષિક અહેવાલોમાં તેનો મેળ બેસતો નથી. દા.ત. ૨૦૧૧માં રૂ.૨૦.૮૩ લાખ કરોડના એમ.ઓ.યુ. થયા, જ્યારે ભારત સરકારનો અહેવાલ એમ કહે છે કે, ૧૯૯૨થી ૨૦૨૧ સુધીના ૨૯ વર્ષમાં ગુજરાતમાં એટલું રોકાણ થયું નથી. ગુજરાત સરકાર ફક્ત ઈવેન્ટ મેનેજમેન્ટ કરી ધૂમ પ્રચાર કરવામાં જ માહિર છે, જેનો હકીકતમાં મેળ બેસતો નથી. ■

# રાહુલજી યુરોપના દેશોમાં છવાઈ ગયા...









# નિર્બળોનાં રક્ષણનું કર્તવ્ય જેનો ધર્મ છે એજ સાચો હિંદુ : રાહુલ ગાંધી

## 'સત્યમ્, શિવમ્, સુંદરમ્' ટાઈટલ હેઠળ લખેલા લેખમાં રાહુલ ગાંધીએ હિંદુત્વની વિચારધારા અને તેમાં સમાવિષ્ટ કરુણા, પ્રેમ, ત્યાગ, દયા, ધર્મ જેવા વિવિધ પાસાઓની વિશદ છણાવટ કરી છે

**કોંગ્રેસના** વરિષ્ઠ નેતા અને સંસદસભ્ય રાહુલ ગાંધીએ તાજેતરમાં હિંદુ ધર્મને લઈને એક લેખ શેર કર્યો હતો. રાહુલજીએ, 'સત્યમ્, શિવમ્, સુંદરમ્'ના મથાળા હેઠળ માઈક્રો બ્લોગિંગ સાઈટ 'એક્સ' (અગાઉની ટ્વીટર પર શેર કરેલા આ લેખ પર યુઝર્સ દ્વારા જબરદસ્ત પ્રતિસાદ અને પ્રતિક્રિયા શેર કરવામાં આવી હતી. રાહુલજીએ હિંદુત્વની વિચારધારા અને તેમાં સમાવિષ્ટ કરુણા, પ્રેમ, ત્યાગ, દયા જેવા વિવિધ પાસાઓની વિશદ છણાવટ કરી છે. તેમણે આ લેખ સાથે બે-બે પાનાંના દસ્તાવેજો પણ હિંદી અને અંગ્રેજીમાં શેર કર્યા હતા.

રાહુલજીએ પોતાના લેખની શરૂઆતમાં જણાવ્યું છે કે, હિંદુ એ જ વ્યક્તિ છે, જે વ્યક્તિમાં પોતાના ડર અને ભયના મૂળ સુધી જઈને મહાસાગરને સત્યનિષ્ઠાના દૃષ્ટિકોણથી જોવાનું સાહસ હોય છે. રાહુલજી લખે છે કે, પ્રત્યેક પ્રકારના પૂર્વાગ્રહ અને ભયથી મુક્તિ પામીને સત્યના સમુદ્રમાં સમાઈ જવું એ જ અસલી હિંદુ ધર્મ છે. રાહુલજી જણાવે છે કે, હિંદુ ધર્મને કેટલીક માન્યતાઓ સુધી મર્યાદિત રાખી ન શકાય, ન તો તેને કોઈ 'રાષ્ટ્ર' કે 'ભૌગોલિક દાયરા' સુધી બાંધી શકાય છે. રાહુલ ગાંધી પોતાના લેખમાં જણાવે છે કે, ''હિંદુ ધર્મ કેટલીક સાંસ્કૃતિક માન્યતાઓ પૂરતો સિમિત છે એવું કહેવું તે તેનો અલ્પ પાઠ ગણાશે. કોઈ રાષ્ટ્ર કે ભૌગોલિક પ્રદેશ સાથે તેને જોડવો કે બાંધવો તે તેની અવમાનતા સમાન છે.

રાહુલજીએ પોતાના લેખનું મથાળું 'સત્યમ્, શિવમ્, સુંદરમ્' બાંધીને જણાવ્યું છે કે, ''એક હિંદુ પોતાના અસ્તિત્વમાં સમસ્ત સૃષ્ટિ સાથે ઉદારતાપૂર્વક આત્મસાત્ કરે છે, કારણ કે- તે જાણે છે કે જીવનરૂપી આ મહાસાગરમાં આપણે બધા ડૂબી-ઉતરી રહ્યાં છીએ નિર્બળોના રક્ષણનું કર્તવ્ય જ તેનો ધર્મ છે.''

રાહુલજી આગળ લખે છે કે, કલ્પના કરો, જિંદગી પ્રેમ અને ઉલ્લાસનો ભૂખ અને ભયનો એક મહાસાગર છે અને આપણે બધા તેમાં તરી રહ્યાં છીએ. તેની સુંદર અને ભયજનક, શક્તિશાળી અને સતત પરિવર્તનશીલ લહેરની



વચ્ચોવચ્ચ આપણે જીવવાનો પ્રયાસ કરીએ છીએ. આ મહાસાગરમાં જ્યાં પ્રેમ ઉલ્લાસ અને આનંદ છે ત્યાં ભય પણ છે. મૃત્યુનો ભય, ભૂખનો ભય, ફાયદા-નુકસાનનો ભય, ભીડમાં ખોવાઈ જવાનો અને નિષ્ફળ જવાનો ભય. આ મહાસાગરમાં સામૂહિક અને નિરંતર યાત્રાનું નામ જીવન છે, જેની ભયાનક ઊંડાઈમાં આપણે બધા તરીએ છીએ. ભયાનક એટલા માટે, કારણ કે, આ મહાસાગરમાં

**વ્યક્તિમાં પોતાના ભયના મૂળ સુધી જઇને આ મહાસાગરને સત્યનિષ્ઠાથી જોવાની હિંમત અને સાહસ છે તે જ હિંદુ છે, ભયની સાથે પોતાના સમજવા માટે મનુષ્ય દ્વારા શોધવામાં આવેલી એક પદ્ધતિ જ હિંદુ ધર્મ છે**

આજ સુધી કોઈ બચી શક્યું નથી અને બચી પણ નહીં શકે.

જે વ્યક્તિમાં પોતાના ભયના મૂળ સુધી જઇને આ મહાસાગરને સત્યનિષ્ઠાથી જોવાની હિંમત અને સાહસ છે તે જ હિંદુ છે. ભયની સાથે પોતાના સમજવા માટે મનુષ્ય દ્વારા શોધવામાં આવેલી એક પદ્ધતિ જ હિંદુ ધર્મ છે. આ સત્યને અંગીકાર કરવાનો એક માર્ગ છે. આ માર્ગ કોઈ એકનો નથી, પરંતુ તે પ્રત્યેક વ્યક્તિ માટે સુલભ છે, જે તેના પર ચાલવા ઈચ્છે છે.

એક હિંદુ પોતાના અસ્તિત્વમાં સમસ્ત સૃષ્ટિને કરુણા અને ગરિમાની સાથે ઉદારતાપૂર્વક આત્મસાત્ કરે છે, કારણ કે તે જાણે કે અસ્તિત્વ માટે સંઘર્ષ કરતા તમામ પ્રાણીઓનું રક્ષણ તે આગળ વધીને કરે છે. સૌથી નિર્બળ ચિંતાઓ અને અબોલ ચીસો પ્રત્યે તે સચેત રહે છે. નિર્બળોના રક્ષણનું કર્તવ્ય જ તેનો ધર્મ છે. સત્ય અને અહિંસાની શક્તિથી સંસારની સૌથી નિઃસહાય બૂમોને સાંભળવી અને તેનું સમાધાન શોધવું એજ તેનો ધર્મ છે.

એક હિંદુમાં પોતાના ભયને ઊંડાણથી જોઈને તેનો સ્વીકાર કરવાનું સાહસ હોય છે. જીવનની સફરમાં તે ભયરૂપી શત્રુને મિત્રમાં બદલતા શીખે છે. ભય તેના પર ક્યારેય હાવી થઈ શકતો નથી, પરંતુ તેના ગાઢ મિત્ર બનીને તેને આગળનો માર્ગ બતાવે છે. એક હિંદુનું 'સ્વત્વ' અર્થાત્ અંતરાત્મા એટલો નબળો નથી હોતો કે તે પોતાના ભયને વશ થઈને કોઈ પ્રકારના રોષ, નફરત કે વેર-વૈમનસ્યનું માધ્યમ બની જાય.

હિંદુ જાણે છે કે સંસારનો સમસ્ત જ્ઞાન ભંડાર સામૂહિક છે અને તમામ લોકોના મનોબળ અને પ્રયાસોથી તેનું સર્જન થયું છે. આ માત્ર તેના એકલાની સંપત્તિ નથી, બધું બધાનું છે, તે જાણે છે કે, કંઈ પણ સ્થાયી નથી અને સંસારરૂપી મહાસાગરના આ પ્રવાહમાં જીવન સતત પરિવર્તનશીલ છે. જ્ઞાન પ્રત્યે ઉત્કટ જિજ્ઞાસાની ભાવનાથી પ્રેરિત હિંદુનું અંતઃકરણ હંમેશા ખુલ્લું રહે છે અને આ ભવસાગરમાં વિચરનાર કોઈ પણ વ્યક્તિથી સાંભળવા-શીખવા તૈયાર હોય છે. હિંદુ તમામ પ્રાણીઓને પ્રેમ કરે છે. તે જાણે છે કે, આ મહાસાગરમાં તરવા માટે સૌના પોત-પોતાના માર્ગ અને પદ્ધતિ છે. તમામને પોતાના માર્ગ પર ચાલવાનો અધિકાર છે. તે તમામ માર્ગોને પ્રેમ કરે છે, સહુનો આદર કરે છે અને તેની હાજરીને સંપૂર્ણ પોતાની માનીને તેનો સ્વીકાર કરે છે. ■






- ડૉ. મનીષ એમ. દોશી

# દ.ગુજરાતના ભરૂચ-નર્મદા અને વડોદરા જિલ્લામાં માનવસર્જિત પૂર આપદા

**કહેવાતી સંવેદનશીલ ભાજપ સરકારમાં માનવતા પણ પૂરમાં વહી ગઈ છે ત્યારે ભાજપ સરકારે માનવીય અભિગમ, સંવેદનશીલ વ્યવહાર રાખીને નુકસાન માટેનું વળતર ચૂકવવાના બદલે નજીવી રકમ જાહેર કરીને વધુ એકવાર ક્રૂર મજાક કરી છે, વડા પ્રધાનના જન્મદિવસનો તાયફો ગુજરાતને કરોડોમાં પડ્યો છે**



**બારેમાસ** બે કાંઠે વહેતી નર્મદા નદી, સરદાર સરોવર ડેમને કારણે ચોમાસાની ઋતુ સિવાયના દિવસોમાં સૂકાઈ જાય છે અને તેને કારણે સરદાર સરોવર ડેમની નર્મદા નદી પર નભતાં ખેડૂતો, પશુપાલકો, માછીમારો બધા પરિવારોએ પોતાની રોજગારી ગુમાવવી પડે અને કાંઠા વિસ્તારના લોકો, નર્મદાના પાણી પર નભતા લોકોને પારાવાર દુઃખ વેઠવાનો વારો આવે છે.

સરદાર સરોવર ડેમના કેચમેન્ટ વિસ્તારમાંથી વધારાનું પાણી આવી જાય તો ડાઉનસ્ટ્રીમના વિસ્તારોની કાંઈ પણ વિચાર્યા વગર બધું પાણી ડાઉનસ્ટ્રીમમાં છોડી દેવામાં આવે છે. ડેમ સત્તાવાળાઓએ ધીમે ધીમે સતત પાણી છોડવાનું ટાળ્યું હતું, જેથી કરીને ગુજરાતના મુખ્યપ્રધાન દ્વારા ડેમ સાઈટ પર આયોજિત સમારોહ હાથ ધરવામાં આવે અને વડા પ્રધાન નરેન્દ્ર મોદીને ૧૭મી સપ્ટેમ્બરે જન્મદિવસની શુભકામનાઓ પાઠવી શકાય. આ ચાપલુસી એટલી ભારે પડી કે માનવસર્જિત પૂર આવ્યું અને લાખો લોકો બેઘર બન્યા. સરદાર સરોવર ડેમનો મુખ્ય હેતુ લોકોનું પૂરથી રક્ષણ કરવાનો છે. સરદાર સરોવર ડેમમાંથી કોઈ પણ પ્રકારના આયોજન અને અસરગ્રસ્ત પરિવારો, ખેડૂતો, પશુપાલકો, માછીમારોની કોઈ પણ પ્રકારની

ચિંતા કર્યા વગર ૧૯ લાખ ક્યુસેક પાણી છોડી દેવાને કારણે પૂર આવ્યું જેના કારણે વડોદરા, નર્મદા અને ભરૂચ સહિતના જિલ્લામાં પૂરનું મોટી માત્રામાં પાણી ખેતરો, રહેણાંક વિસ્તારોમાં ફરી વળતા મોટી સંખ્યામાં પશુધનનું અને સ્થાનિક લોકોને કરોડો રૂપિયાનું નુકસાન થયું છે.

આ માનવસર્જિત આફતથી દ.ગુજરાતના નર્મદા, ભરૂચ, વડોદરા સહિતના જિલ્લાઓમાં નર્મદાના નીરથી ભયાવહ પૂરની સ્થિતિ સર્જાયેલી મોટા પાયે નુકસાન-તારાજીનો ચિતાર મેળવવા કોંગ્રેસ પક્ષનું પ્રતિનિધિમંડળ ભરૂચ જિલ્લામાં કડોદ, શુકલતીર્થ, દાંડીયાબજાર, અંકલેશ્વરમાં સુરવાડી, ગડખોલ, ઝગડિયા તાલુકામાં અવિધા, પોર, અપરાપરા, તોથી દડા, સિસોદરા, માંગરોળ સહિતનાં ગામોમાં જાત-તપાસ માટે પહોંચી સાચી માહિતી મેળવી હતી. ઘણાં બધા ગામોમાં તો લોકોના ઘર પૂરા પાણીમાં ડૂબી ગયા હતા અને ફ્લેટના પહેલા માળ સુધી પાણી આવી જતા સ્થાનિકો પોતાના પરિવાર સાથે ઉપરના માળે રહેવા મજબુર બન્યા હતા. લોકો ડરના માહોલમાં જીવી રહ્યા છે.

ખેડૂતોની મહામૂલી જમીનો પૂરના પાણીના વહેણના કારણે મોટાપાયે ધોવાઈ ગયેલ છે, ખેતીની જમીન હવે ખેતીલાયક રહી નથી. ભોગ બનેલા ખેડૂતો કેવી રીતે ખેતી કરી શકશે ? સ્થળાંતરિત થયેલા લોકોની ઘરવખરી અને ખેતીને થયેલી નુકસાની સાથે સાથે માછીમારોને પણ આ માનવસર્જિત આપદાથી મોટું આર્થિક નુકસાન વેઠવું પડ્યું છે. સમગ્ર માછીમાર સમુદાય માનવસર્જિત આપદાથી અતિ આર્થિક મુશ્કેલીમાં સપડાઈ ગયો છે.

અસરગ્રસ્ત લોકોને થયેલ નુકસાન લાખો ક્યુસેક પાણી છોડવાથી થયું છે. ભૂતકાળમાં પણ દર વર્ષે સરદાર સરોવર ડેમ ઓથોરિટી દ્વારા તથા નર્મદા કંટ્રોલ ઓથોરિટી દ્વારા આવી ઘણી ભૂલો નિયમિતપણે થયેલી હોવા છતાં આવી મોટી માનવસર્જિત ભૂલોનો ભોગ ગરીબ અને સામાન્ય લોકો વધુ એકવાર બન્યા છે. કેટલાય દિવસો સુધી પૂરના પાણીમાં ફસાયેલા પરિવારો ભૂખ્યા તરસ્યા તડપી રહ્યા હતા. નાના બાળકોની હાલત પણ ખૂબ કફોડી બની હતી. ક્યા હેતુસર લાખો ક્યુસેક પાણી અચાનક છોડી દેવાયું ? તે વિશે સરકારે ઊંડાણપૂર્વક તપાસ કરવી જોઈએ.

સરદાર સરોવર પરિયોજના- બંધ સંચાલન અધિકારીઓની ગેરજવાબદારીને લીધે ફરી એક વખત નર્મદા બંધના નીચેનો વિસ્તાર પૂરગ્રસ્ત બન્યો. સરદાર સરોવર પરિયોજના-બંધ સંચાલન સાથે જોડાયેલા અધિકારીઓએ રૂલબુકનું ગંભીર ઉલ્લંઘન કર્યું તે સ્પષ્ટ દેખાય છે.

તા.૧૪, ૧૫, ૧૬ સપ્ટેમ્બરના મધ્યપ્રદેશ સહિતનાં વિસ્તારોમાં થયેલા વરસાદના આંકડા હવામાન ખાતાએ જ જાહેર કર્યા હતા. મધ્યપ્રદેશના ખરગોન, મંડલા, નરસિંહપૂર, સિણની, બાલાઘાટ, હરદા, જબલપૂર અને ખંડવામાં વરસાદની શરૂઆત થઈ. જેના ૧૪, સપ્ટેમ્બરના આંકડા ઉપલબ્ધ છે. જેના લીધે સરદાર સરોવરમાં પૂર આવ્યું. હવામાન ખાતાના તા.૧૬ સપ્ટેમ્બરના સવારે ૮-૩૦ કલાકે જિલ્લાવાર વરસાદના આંકડા ખરગોન, અલીરાજપૂર, દેવાસ, ધાર, હરદા, જાંબુઆ, ખંડવા અને નર્મદાપૂરમમાં ભારે વરસાદની માહિતી સ્પષ્ટ છે.

સીડબ્લ્યુસી અને એસએસપી અધિકારોઓને દર કલાકે થતા વરસાદના આંકડા મળે છે જેના આધારે સરદાર સરોવર પરિયોજનામાં કેટલું પાણી બંધમાં આવશે તેનું પૂર્વાનુમાન કરી શકે અને આનુષાંગિક પગલાં ભરી શકે.

નર્મદા બંધ ઓવરફ્લો થાય તો આપણને કુદરતી પ્રક્રિયા લાગે, પરંતુ આ કુદરતી નહીં પણ માનવસર્જિત હોનારત છે. ૧૪, સપ્ટેમ્બરે મધ્યપ્રદેશમાં ભારે વરસાદ શરૂ થયો અને નર્મદામાં ભારે પાણીનો પ્રવાહ આવવાનો શરૂ થયો. ડેમ સંચાલનકર્તા અધિકારીઓએ પાણીનું યોગ્ય સંચાલન ન કર્યું. સેન્ટ્રલ વોટર કમિશન અને સરદાર પરિયોજનાને દર કલાકે વરસાદના આંકડા મોકલવામાં આવે છે. અધિકારીઓ-સત્તાધીશોની બેદરકારીના કારણે ૧૮ લાખ ક્યુસેક પાણીનો જથ્થો છોડતા ત્રણ જિલ્લાઓમાં પાણી ફરી વળ્યા.

ગુનાહિત બેદરકારી દાખવનાર સામે કાર્યવાહી

કરાય, ફરજચૂક બદલ તેમની સામે કાર્યવાહી કરી રકમ વસૂલવામાં આવે, ત્રણ જિલ્લામાં કરોડોના માલ-સામાનને નુકસાન થયું, સૌરાષ્ટ્રના ખેડૂતોને પાણી ન આપ્યું અને આયોજનના અભાવે પાણી દરિયામાં ચાલ્યું ગયું.

સરદાર સરોવર પ્રોજેક્ટના ડેમ ઓપરેટરોની મોડેથી, સુસ્તીભરી અને બિનજવાબદારીભરી ક્રિયાઓએ ફરી એકવાર ગુજરાતમાં ભારે અને મોટા પ્રમાણમાં ટાળી શકાય તેવા પૂરમાં ફાળો આપ્યો છે. ૧૭, સપ્ટે.૨૦૨૩ના રોજ ભરૂચના ગોલ્ડન બ્રિજ પર પાણીનું સ્તર (ઉચ્ચ પૂરસ્તર)ની નજીક આવી રહ્યું હતું, પરંતુ જો સરદાર સરોવર પરિયોજના સત્તાવાળાઓએ અગાઉના આધારે પગલાં લીધાં હોત તો અપસ્ટ્રીમ અને ડાઉનસ્ટ્રીમ બંને વિસ્તારો માટે આ પૂર નોંધપાત્ર રીતે નીચા અને ઘણા ઓછા વિનાશક બની શક્યા હોત.

જો સરદાર સરોવર પરિયોજના સત્તાવાળાઓ અને સેન્ટ્રલ વોટર કમિશને તેઓને મળતા કલાક દીઠ કેચમેન્ટ વિસ્તાર વરસાદના આંકડાઓના આધારે પ્રવાહની આગાહી શરૂ કરી હતી, તેઓ આ આંકડાઓને ધ્યાનમાં લેતા, ૧૪ સપ્ટે.ના રોજ ડાઉનસ્ટ્રીમ રિલીઝમાં વધારો કરવાનું શરૂ કરી શક્યા હોત. ૧૬ સપ્ટે.-૨૦૨૩ના રોજ ૮-૩૦ કલાકે પૂરા થતા ૨૪ કલાક માટે હવામાન ખાતા દ્વારા નોંધાયેલ જિલ્લા મુજબનો વરસાદ ઘણો વધુ હતો. ખરગોન ૧૪૪.૬ મી.મી., અલીરાજપૂર ૧૦૮.૨ મી.મી., દવાસ ૧૪૯.૭ મી.મી., ધાર ૮૦.૪ મી.મી., હરદા ૨૦૫.૨ મી.મી., ઝાંબુઆ ૯૨.૪ મી.મી., ખંડવા ૧૪૭.૬ મી.મી. અને નર્મદાપૂરમ ૧૩૧.૭ મી.મી. અન્ય વચ્ચે સીડબલ્યુસી અને એસએસપી સત્તાવાળાઓ કેચમેન્ટમાં વરસાદ અંગે કલાકદીઠ અપડેટ મેળવે છે, તેથી આઈએમડી દ્વારા ૮-૩૦ કલાકે આ ૨૪ કલાકના આંકડાની જાણ થાય તે પહેલાં જ તેઓ પ્રવાહની આગાહી અને ડાઉનસ્ટ્રીમ નદીની વહન ક્ષમતામાં વધારો કરી શક્યા હોત. નર્મદા પરના બર્ગી ડેમના દરવાજા ૧૪ સપ્ટે.ના રોજ ખોલાયા હતા. ૧૫ સપ્ટે.ની મોડી સાંજ સુધીમાં નર્મદા પરના ઈન્દિરાસાગર અને ઓમકારેશ્વર બંને ડેમના સ્તરમાં વધારો થવાનું શરૂ થઈ ગયું હતું. જે અંગે સેન્ટ્રલ વોટર કમિશન દ્વારા અહેવાલ આપવામાં આવ્યો હતો. બંને ઓમકારેશ્વર અને ઈન્દિરા સાગર ડેમ મોડી કલાકો સુધીમાં તેમના એફઆરએલ (સંપૂર્ણ જળાશય સ્તર)ની નજીક હતાં. ૧૪ અને ૧૫ સપ્ટે. સરદાર સરોવર ડેમના દરવાજા ખોલવાનું શરૂ કરવાનો આ બીજો સંકેત હતો. કારણ કે, આ અપસ્ટ્રીમ ડેમમાંથી છોડવામાં આવતું પાણી એસએસપી પાસે આવવાનું બંધાયેલ હતું. જોકે ૧૬ સપ્ટે.ના રોજ સવારે ૧૦ વાગ્યા સુધી આઘાતજનક રીતે સરદાર સરોવર પરિયોજનામાંથી એસએસપી સત્તાવાળાઓએ હજુ પણ કોઈ ગેટ ખોલ્યા ન હતા. રિલીઝ ફક્ત રિવર બેડ પાવર હાઉસ અને કેનાલ હેડ પાવર હાઉસમાંથી હતા.

નદીમાં પાણી છોડવાનું શરૂ કરવા માટે પૂરતી કાર્યવાહી કરવા યોગ્ય માહિતી હતી. આ સ્પષ્ટ હકીકત પછી કોના આદેશથી બંધનું સંચાલન કરવામાં ન આવ્યું ? બેજવાબદારી દાખવનાર અધિકારીઓ કોના ઈશારે કામ કરી રહ્યા છે ? તેનો જવાબ ગુજરાતના નાગરિકોને મળવો જોઈએ.

ભરૂચ-નર્મદા-વડોદરા જિલ્લાની આશરે ૭૦ લાખ કરતા વધુ વસતીમાં મોટાભાગના વેપારીઓ, ખેડૂતો અને સ્થાનિકોને કરોડોનું નુકસાન થયું છે. નર્મદા-ભરૂચ-વડોદરા સહિતના જિલ્લામાં મોટાપાયે નુકસાન સામે સરકારે ‘કુટુંબદીઠ કપડા સહાય તરીકે રૂ.૨૫૦૦/- અને ઘરવખરી સહાય તરીકે રૂ.૨૫૦૦ એટલે કે કુલ રૂ. ૫૦૦૦/- કુટુંબદીઠ, કપડા અને ઘરવખરી માટે નજીવી જાહેરાત કરી છે, જે પૂરગ્રસ્ત લોકોની ક્રૂર મશ્કરી સમાન છે. રૂ.૨૫૦૦માં આખા પરિવારના કપડા અને ૨૫૦૦માં ઘરવખરી ક્યાં મળે ? તે ભાજપ સરકાર જણાવે.

કહેવાતી સંવેદનશીલ ભાજપ સરકારમાં માનવતા પણ પૂરમાં વહી ગઈ છે ત્યારે ભાજપ સરકારે માનવીય અભિગમ, સંવેદનશીલ વ્યવહાર રાખીને નુકસાન માટેનું વળતર ચૂકવવાના બદલે નજીવી રકમ જાહેર કરીને વધુ એક વાર ક્રૂર મજાક કરી છે. વડા પ્રધાનના જન્મદિવસનો તાયફો ગુજરાતને કરોડોમાં પડ્યો છે. ભાજપ સરકારમાં ઊભી થયેલી માનવસર્જિત પૂરના પાપ પર મલમ લગાવવા માટેના પેકેજ હજારો અસરગ્રસ્તોની મશ્કરી સમાન છે. ભરૂચ, નર્મદા અને વડોદરા આ ત્રણ જિલ્લામાં સીમાંત

૧,૭૧,૬૨૧, નાના ૧,૧૫,૬૪૬, અર્ધ મધ્યમ ૮૨,૬૬૭, મધ્યમ, ૪૫,૩૭૨ એટલે કે ચાર લાખ કરતાં વધુ ખેડૂતોમાંથી મોટાભાગના ભોગ બન્યા હોય ત્યારે ખેડૂત-ખેતીને પુનઃસ્થાપિત કરવા રાજ્ય સરકારે જાહેર કરેલ સહાય મજાક સમાન છે.

સરદાર સરોવર બંધમાંથી ૧૯ લાખ ક્યુસેક પાણી વગર વિચારે છોડી દેવાથી થયેલી માનવસર્જિત આપદાથી ભોગ બનેલા ભરૂચ-નર્મદા અને વડોદરા સહિતના લાખો અસરગ્રસ્ત લોકોનું પુનઃવસન, પુનઃસ્થાપન અને ખાસ કરીને ખેડૂત, માછીમારો, નાના વેપારીઓ, રોજનું કમાઈને ગુજરાન ચલાવતા લારી-ગલ્લાવાળા, પાથરણાંવાળાને સંપૂર્ણ વિશેષ પેકેજ દ્વારા તેમને ન્યાય મળે એવી કોંગ્રેસ પક્ષના પ્રતિનિધિમંડળે રાજ્યપાલશ્રી સમક્ષ માગ કરી હતી.

૧) દ.ગુજરાતના જિલ્લાઓમાં પશુધન, ખેતી, ધંધા-ઉદ્યોગ, રોજગાર અને માનવજીવનને થયેલી મોટાપાયે તારાજી માટે ‘સ્પેશિયલ પેકેજ’ જાહેર કરવા માગ કરી હતી.

૨) ભરૂચ-નર્મદા-વડોદરા સહિતના જિલ્લાઓ માજવસર્જિત આફતને કારણે થયેલ તારાજી અંગે કોણ, કોની ગુનાહિત બેદરકારી છે તે જાણવા ન્યાયાધીશના વડપણ હેઠળ ‘સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ’ સીટની રચના કરી ન્યાયિક તપાસ કરવામાં આવે.

૩) સરદાર સરોવર ડેમ યોજનાના કામે વર્લ્ડ બેંક તરફથી તથા મોર્સે કમિશન તથા એમ.એસ. યુનિવર્સિટી અને અન્ય સંસ્થાઓ તરફથી ડાઉનસ્ટ્રીમ પરની અસરો પર થયેલા અભ્યાસોનું ગુજરાત સરકાર તરફથી પાલન કરવામાં આવે અને સરદાર સરોવર ડેમની ડાઉનસ્ટ્રીમમાં નર્મદા નદી કિનારે અસર પામનારા પરિવારો, ખેડૂતો, પશુપાલકો, વેપારીઓ અને માછીમારોના પરિવારો અસરગ્રસ્તની વ્યાખ્યામાં આવતાં હોય, આ તમામ લોકોને સરદાર સરોવર ડેમના અસરગ્રસ્ત જાહેર કરવામાં આવે.

૪) સરદાર સરોવર ડેમની ડાઉનસ્ટ્રીમના અસરગ્રસ્ત પરિવારો ખેડૂતો, પશુપાલકો, વેપારીઓ અને માછીમાર પરિવારોને સરદાર સરોવર ડેમના અસરગ્રસ્ત પરિવારો તરીકે આપવામાં આવતા તમામ લાભો આપવામાં આવે.

૫) હાલના પૂરના પાણીથી સ્થળાંતરિત કરાયેલા ૪૫૦૦થી વધુ પરિવારના દરેક સભ્યદીઠ રૂ. ૫૦૦૦ વળતર સ્થળાંતર ભથ્થું આપવામાં આવે તથા તેઓ તમામના ઘર અને બીજી મિલકતોના બાંધકામને તથા માલ-સામાનની સંપૂર્ણ નુકસાનીનું વળતર આપવામાં આવે. અસરગ્રસ્ત વિસ્તારોના ઘણા પરિવારોને ૯ દિવસ કેશડોલ્સ ચૂકવવામાં નથી આવી જેના વિલંબ અંગેની જવાબદારી નક્કી કરી કસૂરવારો સામે પગલાં લેવામાં આવે. જે પરિવારોને મળી છે એ કેશડોલ્સ માત્ર એક કે બે દિવસ માટે જ કેમ ચૂકવી છે ? કેશડોલ્સ ૧૦ દિવસની ચૂકવવામાં આવે.

૬) હાલના પૂરના કારણે સ્થળાંતરિત કરાયેલા દરેક પશુદીઠ પશુપાલકોને દૈનિક રૂ.૨૦૦૦નું વળતર આપવામાં આવે. તેમજ મૃત્યુ પામનાર પશુધનનું પૂરું વળતર આપવામાં આવે.

૭) ડાઉનસ્ટ્રીમના વિસ્તારોમાં પૂરના પાણી પ્રવેશતા લોકોના ઘરો અને મિલકતો, માલ-સામાનને થયેલ નુકસાનનો તાત્કાલિક સર્વે કરાવી તેનું વળતર ચૂકવવામાં આવે.

૮) ભરૂચ શહેરમાં ચાર રસ્તા, ફુરજા વિસ્તાર તથા દાંડિયા બજાર, ધોળીકુઈ બજાર વિસ્તારની આશરે ૫૦૦થી વધુ વેપારીઓની દુકાનોમાં પૂરના પાણી પ્રવેશતા વેપાર-ધંધાને થયેલ નુકસાન બદલ દૈનિક રૂ.૫૦૦૦ તથા આ વિસ્તારમાં આવેલા રહેણાંકના ઘરો અને દુકાનોના બાંધકામને તથા માલ-સામાનને નુકસાનનો સર્વે કરાવી સંપૂર્ણ વળતર ચૂકવવામાં આવે.

૯) અંકલેશ્વર શહેર તથા આસપાસના વિસ્તારોમાં ધંધા-રોજગારને પણ મોટું નુકસાન થયું છે.

તહેવારના સમય માટે લાવેલા માલ-સામાનને પણ મોટાપાયે નુકસાન થયેલ ત્યારે માલ-સામાનનું નુકસાનનું સર્વે કરાવી સંપૂર્ણ વળતર ચૂકવવામાં આવે.

૧૦) હાલના પૂરથી ખેડૂતોની ખેતીને થયેલ નુકસાનનું એક હેકટરનું રૂ.૨,૦૦,૦૦૦ વળતર આપવામાં આવે. બે હેકટરની મર્યાદા રદ કરી '૮-અ'માં જણાવેલ તમામ જમીન માટે તાત્કાલિક સર્વે કરાવી સંપૂર્ણ નકસાનનું વળતર ચૂકવવામાં આવે.

૧૧) માછીમાર પરિવારોને સરદાર સરોવર ડેમના અસરગ્રસ્ત જાહેર કરી માછીમાર પરિવારોને વળતર ચૂકવવામાં આવે અને કાયમી વૈકલ્પિક રોજગારીની વ્યવસ્થા કરવામાં આવે તથા હાલના પૂરના કારણે માછીમારોને પોતાની ફિશિંગ બોટ લાંગરવી પડતી હોય અને પગડિયા માછીમારોનું ફિશિંગ થઈ શકતું ના હોય, દરેક માછીમારને રૂ.૧૦,૦૦૦નું વળતા આપવામાં આવે.

૧૨) સરદાર સરોવર ડેમના ડાઉનસ્ટ્રીમમાં પૂરથી ધોવાણમાં ગયેલ તમામ જમીનનો સર્વે કરાવી જમીનનું વળતર ખેડૂતોને ચૂકવવામાં આવે.

૧૩) પુનઃવસન ન થાય ત્યાં સુધી સરકારી જાહેર કાર્યક્રમો બંધ કરી તેના રૂપિયા અસરગ્રસ્તોના પુનઃવસનની કામગીરીમાં ઉપયોગ કરવામાં આવે.

૧૪) અસરગ્રસ્ત વિસ્તારોમાં પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના પાઠ્યપુસ્તકો, શૈક્ષણિક દસ્તાવેજો સહિતની શૈક્ષણિક સાધન-સામગ્રીને પણ નુકસાન થયું છે. ત્યારે તમામ વિદ્યાર્થીઓને શિક્ષણનો અધિકાર મળે તે માટે નવા પાઠ્યપુસ્તક, શૈક્ષણિક સાધનો આપવામાં આવે અને શૈક્ષણિક સામગ્રી માટે આર્થિક સહાય ચૂકવવામાં આવે.

૧૫) ભરૂચ-વડોદરા અને નર્મદા જિલ્લાઓમાં વસતા તમામ શ્રમિકો મનરેગા સહિતની યોજનાઓમાંથી પોતાની આજીવિકા ચલાવતા હતા. માનવસર્જિત આપદાથી આ તમામ શ્રમિકોની રોજી-રોટી છીનવાઈ ગઈ છે. ત્યારે પૂરગ્રસ્ત વિસ્તારમાં વસતા તમામ શ્રમિકોને યોગ્ય આર્થિક સહાય ચૂકવવામાં આવે.

૧૬) મોટા ભાગના વિસ્તારમાં કેળ અને શાકભાજીનો પાક છે. શાકભાજીના પાકને પણ બાગાયતની માફક વળતર ચૂકવવું જોઇએ, બે હેકટરની મર્યાદા રદ કરી '૮-અ'માં જણાવેલ તમામ જમીન માટે વળતર ચૂકવવું જોઈએ.

૧૭) ગામડાંઓમાં ગ્રામસેવકનો અભાવ છે તલાટી સર્વે કરવા શક્તિમાન નથી ત્યારે ડ્રોન સર્વે અથવા સેટેલાઈટ સર્વેના આધારે તમામ પાણી ભરાયેલ વિસ્તારોના ખેડૂતોને ૩૩ ટકાની મર્યાદા રદ કરી તમામ નુકસાન ગણી વળતર ચૂકવવું જોઈએ. ■






# કચ્છની ખાડીમાંથી ૮૦૦ કરોડનું કોકેઇન ઝડપાયું, ડ્રગ્સનો વેપાર કરનારા કેમ પકડાતા નથી ?

**અબજો રૂપિયાનું ડ્રગ્સ પકડાયું પણ મોકલનાર કે ખરીદનાર કેમ પકડાતા નથી ? દેશના યુવાનોને રોજગારને બદલે ડ્રગ્સ તરફ ધકેલનારા કોણ છે ? કરોડો રૂપિયાનું ડ્રગ્સ-નશીલા પદાર્થો વારંવાર ઠલવાઈ રહ્યા છે, શું આ છે ભાજપનું સુશાસન મોડલ ?**

**દેશના** ભવિષ્ય સમાન યુવાનોને નશા, વ્યસનના અંધકારમાં ધકેલવાના સુનિયોજિત ષડયંત્રને ડામવામાં ભાજપ સરકાર સદંતર નિષ્ફળ રહી છે. પૂ.મહાત્મા ગાંધી-સરદારની ભૂમિ ગુજરાત સુખ, શાંતિ, સલામતી અને એકતા માટે સમગ્ર વિશ્વમાં આગવી ઓળખ ધરાવે છે. ગુજરાતનો ઇતિહાસ ગાંધી-સરદારનો વારસો છે, પરંતુ ભાજપ સરકારે ગુજરાતનું ભવિષ્ય એવા યુવાનોને ડ્રગ્સના હવાલે સોંપી દીધા છે. ગુજરાતની ભૂમિ દેશમાં ડ્રગ્સનું સૌથી મોટું પ્રવેશદ્વાર કેમ બની રહી છે ? કચ્છમાંથી ૮૦૦ કરોડ રૂપિયાનું ૮૦ કિલોથી વધુ ડ્રગ્સ કોકેઇન દરિયાકિનારે બિનવારસી હાલતમાં મળી આવ્યું.



ભાજપ સરકારનાં શાસનમાં દેશમાં ડ્રગ્સ-નશીલા પદાર્થોના વેપારનું મુખ્ય દ્વાર ગુજરાત રાજ્ય બન્યું છે. ગુજરાત રાજ્ય સમગ્ર દેશમાં નશીલા પદાર્થ- ડ્રગ્સ પહોંચાડવા માટેનું એપી સેન્ટર બન્યું છે. સરકારની ઢીલી નીતિના કારણે ડ્રગ્સ પેડલર્સ-ડ્રગ્સ માફિયાઓમાં પોલીસ અને પ્રશાસનનો જરાય ડર રહ્યો નથી, જેના પગલે ગુજરાતમાં ખુલ્લેઆમ દારૂ, જુગારની સાથે ડ્રગ્સ ખુલ્લેઆમ વેચાઈ રહ્યું છે, જે આપણા સૌ ગુજરાતીઓ માટે ખૂબ ચિંતાનો વિષય છે.

ગુજરાતમાં છાશવારે પકડાતા ડ્રગ્સ અને નશીલા પદાર્થોની નાની માછલીઓ પકડીને મોટા મગરમચ્છો પકડવામાં અને ડ્રગ્સના નેટવર્કને તોડવામાં ભાજપ સરકાર સદંતર નિષ્ફળ નીવડી છે. તેવું એક પછી એક ઘટનાથી સ્પષ્ટ થઈ રહ્યું છે. ડ્રગ્સ, માદક-નશીલા પદાર્થોના સુનિયોજિત રીતે ચાલતા વ્યાપારને કારણે યુવા પેઢીનું ભવિષ્ય અંધકારમાં ધકેલાઈ રહ્યું છે. સુનિયોજીત ચાલતા ડ્રગ્સના વ્યાપારને રોકવાના બદલે ભાજપ સરકારના શાસનમાં ડ્રગ્સનો વેપલો ફૂલ્યો-ફાલ્યો છે ત્યારે નાર્કોટિક્સ ડિપાર્ટમેન્ટ, ડી. આર.આઈ., ઈ.ડી., સી.બી.આઈ. સહિતની સંસ્થાઓને વિપક્ષના નેતા-આગેવાનોને પાછળ લગાવવાના બદલે ભાજપ સરકાર ગુજરાતના નાગરિકોને સુરક્ષાને કેન્દ્ર સ્થાને રાખી હોત તો આજે ગુજરાત ડ્રગ્સના વેપારનું એપી સેન્ટર ન બન્યું હોત !

છેલ્લા પાંચ વર્ષમાં ૬૦૦૦ કિ.ગ્રા.થી વધુ ડ્રગ્સનો જથ્થો પકડાયો, જેની કિંમત આશરે રૂ.૫૦,૦૦૦ કરોડથી વધુ થાય છે. ત્યારે ન પકડાયેલ જથ્થો કેટલો જંગી હશે તેની કલ્પનાથી દેશના યુવાનોના ભવિષ્ય કેટલું બરબાદ થશે ? તે અતિ ચિંતાજનક છે. ગુજરાતમાં કોકેઈન, એમ.ડી., એલ.એસ.ડી., ક્રીમ ચરસ, બ્રાઉન શુગર કે ગાંજો પળવારમાં હોમ ડિલીવરી થઈ જાય છે.

ભાજપ સરકાર દારૂબંધી, વ્યસન બંધી સામે માત્ર તપાસના આદેશ આપી સમગ્ર ઘટના પર લીપાપોતી કરે છે. મોટાપાયે હપ્તાની ગોઠવણ લાભાલાભ ન હોય તો આટલું મોટું ડ્રગ્સ-માફિયાનું સુનિયોજીત વેપાર તંત્ર કઈ રીતે ચાલી શકે ?

અફઘાનિસ્તાન, પાકિસ્તાન સહિતના વિદેશમાંથી આવતું ડ્રગ્સ એ રાષ્ટ્રીય સુરક્ષાનો પ્રશ્ન છે ત્યારે સરહદી વિસ્તાર અને ૧૬૦૦ કિ.મી.ના દરિયાકિનારા પર ઠલવાઈ રહેલા કરોડો રૂપિયાના ડ્રગ્સની હેરાફેરી કરનાર અને કરાવનાર માફિયાઓના મૂળ સુધી પગલાં ભરવા જોઈએ. ■

## ક્યા મહિનામાં કેટલું ડ્રગ્સ પકડાયું ?

| | |
|---|---|
| **સપ્ટેમ્બર-૨૦૨૩** | **૮૦ કિ.ગ્રા.** |
| **ઓગસ્ટ-૨૦૨૨** | **૧૧૨.૫૦ કિ.ગ્રા.** |
| **મે-૨૦૨૨** | **૫૦ કિ.ગ્રા.** |
| **એપ્રિલ-૨૦૨૨** | **૨૮ કિ.ગ્રા.** |
| | **૨૦૫.૬ કિ.ગ્રા.** |
| **સપ્ટેમ્બર-૨૦૨૧** | **૨૯૯૮ કિ.ગ્રા.** |
| **એપ્રિલ-૨૦૨૧** | **૩૦ કિ.ગ્રા.** |
| **જાન્યુઆરી-૨૦૨૦** | **૩૫ કિ.ગ્રા.** |
| **મે-૨૦૧૯** | **૨૮૦ કિ.ગ્રા.** |
| **માર્ચ-૨૦૧૯** | **૧૦૦ કિ.ગ્રા.** |
| **ઓગસ્ટ-૨૦૧૮** | **૧૦૦ કિ.ગ્રા. (હેરોઇન)** |
| **જુલાઈ-૨૦૧૭** | **૧૫૦૦ કિ.ગ્રા. (હેરોઇન)** |





















નર્મદા ડેમમાંથી છોડાયેલા ૧૮ લાખ ક્યુસેક પાણીથી નર્મદા, ભરૂચ, અંકલેશ્વર સહિતના કાંઠાળ વિસ્તારમાં માનવસર્જિત હોનારતમાં ખેડૂતો, નાના વેપારીઓ, શ્રમિકો, માછીમારો સહિત હજારો નાગરિકોને થયેલા નુકસાન અંગે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના આગેવાનો દ્વારા મહામહિમ રાજ્યપાલશ્રીને આવેદનપત્ર સુપ્રત કરવામાં આવ્યું હતું.






**બનાસકાંઠા જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા આયોજીત કાર્યકર્તા સંવાદ**






**બનાસકાંઠા જિલ્લાના સ્થાનિક લોકપ્રશ્નોના ઝડપથી નિકાલની માંગ સાથે પાલનપુર ખાતે કનુભાઈ મહેતા હોલથી કલેક્ટર કચેરી સુધી જન અધિકાર પદયાત્રા યોજી કલેક્ટરશ્રીને આવેદનપત્ર પાઠવવામાં આવ્યુ.**

Published on every 5th and 20th every month









ગુજરાત પ્રદેશ કોંગ્રેસના વરિષ્ઠ આગેવાનશ્રીઓએ મહેસાણા જીલ્લાના ઊંઝા ખાતે માં ઉમિયા માતાજીના દર્શન, પૂજા અને આરતી કરી આશીર્વાદ લીધા અને ગુજરાતની જનતા માટે સુખ,સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી.











રાજીવ ગાંધી ભવન ખાતે આયોજિત ''હાથથી હાથ જોડો'' અભિયાન માટે હોદ્દેદારોશ્રીઓની નિમણુંક-સંવાદ સમારોહ

R.N.I. No. 70957/1998 Postal Registration No. GAMC/1720/2021-23 Valid upto 31-12-2023 issued by the SSPO'a Ahmedabad City Division, Permitted to post at Ahmedabad PSO on 5th & 20th of every month. Editor, Publisher and Printer : Hasmukh Patel, Printed on Behalf of the Krut Sankalp Trust from Sankalp Prakashan, Nr. S.L.U. College, Kochrab, Ahmedabad - 380006 & Printers at Payal Printers Income Tax, Ashram Road, Ahmedabad - 380015.